# બાયડ પાલિકા પ્રચાર જંગ : ભાજપાના પ્રચંડ પ્રચારમાં કોંગ્રેસનું તોરણ હાલક ડોલક

**વોર્ડ નં. ૨ માં ભાજપાના સમર્થનમાં સ્વયં પ્રજા ઉમટી, કોંગ્રેસની ઉંઘ હરામ : કોંગ્રેસે તેમના ચુસ્ત ટેકેદારને પણ ટીકીટ ન આપ્યાનો રોષ દેખાયો**

બાયડ, તા. ૨૩
બાયડ પાલિકાનો ચૂંટણી પ્રચાર જંગ પરાકાષ્ઠાએ છે. મંગળવારે ભાજપાની ચૂંટણી પ્રચાર



રેલી વોર્ડ નં. ૧ તથા ૨ અને ૩ ને સમાવીને યોજવામાં આવી જેમાં ભાજપાના ઉમેદવારોના સમર્થનમાં જે રીતે સ્વયં પ્રજા ઉમટી તે જોઈ કોંગ્રેસની ઉંઘ હરામ થઈ ગઈ છે. વોર્ડ નં. ૨ માં કોંગ્રેસે તેમના ચુસ્ત સમર્થકના પરીવારને ટીકીટ ન આપતાં ભાજપે તેમને મેદાનમાં ઉતારતા જે સમર્થન જોવા મળ્યુ તે જોતા કોંગ્રેસની ઉંઘ હરામ થવાની સાથે આ વિસ્તારની પ્રજા કોંગ્રેસ પાસે ગદ્દારીનો બદલો લેશે તે સ્પષ્ટ જોવા મળ્યુ છે.

બાયડ પાલિકામાં મતદારો-પ્રજાનો મિજાજ જોતાં કોંગ્રેસને કોઈ બચાવી શકે તેમ નથી. કેન્દ્રની જેમજ બાયડ પાલિકામાં કોંગ્રેસમાં પરીવારવાદ જોવા મળતાં પ્રજાએ પરીવારવાદના મૂળીયાં ઉખાડવાનો નિશ્ચય કર્યો છે. મંગળવારે બાયડ પાલિકા વોર્ડ નં. ૨ ના ઉમેદવારોના સમર્થનમાં યોજાયેલી રેલીને હેર વિસ્તાર, રવિપાર્ક, ભુખેલ તલાવડી, લાખેશ્વરી, સુંદરપુરા, અદાનાછાપરામાં જે વાજતે ગાજતે સ્વાગત કરી સામૈયુ કરાયુ તે જોતાં કોંગ્રેસ અંદરખાને હચમચી ગઈ છે. બાયડ શહેર ભાજપા સંગઠન પ્રમુખ, સ્નેહલભાઈ પટેલ, અશોકભાઈ લવજીભાઈ પટેલ, જીતેન્દ્ર મનુભાઈ પટેલ, કેશાભાઈ અમરાભાઈ રાઠોડે જણાવ્યુ કે લોક મિજાજ જોતાં કોંગ્રેસ બાયડમાં ડીપોઝીટ ગુમાવશે. તા. ૨ માર્ચે બાયડ પાલિકામાં સંપૂર્ણ બહુમત સાથેની ભાજપાની નગરપાલિકા બનશે તેમ જણાવ્યુ છે.

# આજે મોટેરામાં ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે ડે-નાઈટ ટેસ્ટ

**સ્ટેડિયમનું ઉદ્ઘાટન રાષ્ટ્રપતિ કોવિંદ કરશે, ગૃહમંત્રી અમિત શાહ હાજર રહેશે : ચાર ટેસ્ટ મેચોની સિરીઝ ૧-૧થી બરાબરી પર, મેચ બપોરે ૨.૩૦ વાગ્યે શરૂ થશે, ભારત પ્લેઇંગ ઇલેવનમાં કુલદિપ યાદવના સ્થાને ઉમેશ યાદવને રમાડે તેવી શક્યતા**

ગાંધીનગર,તા.૨૩
આજે વિશ્વના સૌથી મોટા મોટેરા સ્ટેડિયમ ખાતે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી ડે-નાઈટ ટેસ્ટનો પ્રારંભ થશે. આ પ્રારંભ પહેલાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે ગૃહમંત્રી અમિત શાહ હાજર રહેશે. આ મેચનો પ્રારંભ બપોરે ૨.૩૦ કલાકે થશે. ચાર ટેસ્ટ મેચોની સિરીઝ ૧-૧થી બરાબરી પર છે. ત્યારે આ મેચનો મુકાબલો રસપ્રદ બનશે તે નક્કી છે.

અમદાવાદના મોટેરા ખાતે નવનિર્મિત સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ સામે ટીમ ઈન્ડિયા ક્યારેય હારી નથી. મોટેરામાં ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે અત્યાર સુધીમાં બે ટેસ્ટ મેચ રમાઈ છે, જેમાં ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે છેલ્લી ૨૦૧૨માં થઈ હતી. હવે આવતી કાલે બપોરે ૨.૩૦વાગ્યાથી ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રેણીની ત્રીજી મેચ પિંક બોલથી રમાશે.

ભારતને સારી શરૂઆત આપવા માટે રોહિત શર્મા અને શુમાના ગિલની જોડીએ જવાબદારી નિભાવવી પડશે. આ જોડી પ્રથમ બે ટેસ્ટ મેચમાં નિષ્ફળ રહી હતી પરંતુ મેચમાં મોટી ભાગીદારી થવાની આશા રાખવામાં આવશે.

ચેતેશ્વર પુજારા, વિરાટ કોહલી અને અજિંક્ય રહાણે મીડલ ઓર્ડરમાં રમતા જોવા મળશે. આ ત્રણેય ની જવાબદારી ટીમને મોટા સ્કોર સુધી પહોંચાડવાની રહેશે.

ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં પેસર જસપ્રિત બુમરાહની વાપસી થવા માટે તૈયાર છે. મોહમ્મદ સિરાજને બદલે તેને અગિયાર રમવામાં સામેલ કરવામાં આવશે. ઈશાંત અને બુમરાહની જોડી ત્રીજી ટેસ્ટમાં રમતા જોવા મળશે. અમદવાદમાં પિંક બોલથી ડે-નાઈટ ટેસ્ટ રમાવાની હોવાથી સ્પિનર કુલદીપ યાદવના સ્થાને કોઈ ત્રીજા ફાસ્ટ બોલર તરીકે મેદાનમાં ઉતારાય તેવી શક્યતા છે.

અક્ષર પટેલે તેની પ્રથમ ટેસ્ટની બીજી ઈનિંગમાં ૫ વિકેટ ઝડપીને બધાને પ્રભાવિત કર્યા હતા. આ મેચમાં તેમને તક પણ આપવામાં આવશે તે નક્કી છે. અશ્વિન અને સિલેબ્સ સ્પિનર જોડી તરીકે જોઈ શકાય છે.

૨૦૧૨માં બંને ટીમ વચ્ચે જે ટેસ્ટ મેચ રમાઈ હતી તેમાં ભારતે એલિસ્ટર કૂકના નેતૃત્વ હેઠળની ટીમને નવ વિકેટે કચડી નાખી હતી. પ્રથમ બેટિંગ કરતા ભારતે ચેતેશ્વર પૂજારાના અણનમ ૨૦૬ રન અને વીરેન્દ્ર સેહવાગના શાનદાર ૧૧૭ રનની મદદથી આઠ વિકેટે ૫૨૧ રન ખડક્યા હતા. ભારતના પહાડ જેવડા સ્કોરના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ માત્ર ૧૯૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ભારતને ૩૩૦ રનની મસમોટી સરસાઈ મળી હતી. ભારત તરફથી સ્પિનર પ્રજ્ઞાન ઓઝાએ પાંચ વિકેટ ઝડપી હતી. ત્રણ વિકેટ ઝડપીને અશ્વિને તેને સુંદર સાથ આપ્યો હતો.

**કોબા-અડાલજ માર્ગ પર અંબાપુર પાસેનો બનાવ**

# પોલીસની ઓળખ આપી ગઠીયા વેપારી પાસેથી રૂ. ૨૭ લઈ ફરાર

ગાંધીનગર, તા.૨૩
કોબા-અડાલજ માર્ગ પર બપોરના ચાર વાગ્યાના અરસામાં અંબાપુર ગામ પાસે રીક્ષાની ઓવરટેક કરીને કાર ઉભી રહી હતી. કારમાંથી ઉતરેલા બે શખ્સોએ પોલીસ તરીકેની ઓળખ આપી હતી. ત્યારબાદ ચેકીંગના બહાને વેપારી પાસે રહેલા રોકડા રૂ.૩.૨૭ લાખ લઈ આગળ ચોકી પરથી થેલો લઈ જવાનું કહીને બે ગઠીયા ગાયબ થઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા ગાડી નંબરના આધારે પોલીસે ડુપ્લીકેટ પોલીસને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

રાજસ્થાનના થુર ખાતે રહેતા મોહનભાઈ પ્રમાજી બાગરી (ઉં.૪૮) મહારાષ્ટ્રમાં કાચના શો પીસની ફેરી કરે છે. ગત તા.૧૮ ફબ્રુઆરીના રોજ મોહનભાઈ તેમના દિકરા અને ભત્રીજો મહારાષ્ટ્રના મલકાપુરથી લકઝરી બસમાં બેઠા હતા. તેમની પાસે રહેલા થેલામાં કારના શો પીસ વેચાણ કરીને મળેલા રોકડા રૂ.૩.૦૯ લાખ હતા.જયારે ભત્રીજા પાસે રોકડા ૧૮ હજાર હતા. તા.૧૯ ફેબ્રુઆરીના રોજ તેઓ ત્રણ અમદાવાદ સીટીએમ ઉતરીને રીક્ષામાં બેસીને નરોડા પાટીયા, ઈન્દીરાબ્રીજ અને ત્યાંથી અડાલજ ત્રિ-મંદિર જવા માટે નીકળ્યા હતા.ચાર વાગ્યાના અરસામાં કોબાથી અડાલજ માર્ગ પર અંબાપુર પાસે એક કાર રીક્ષાની આગળ આવીને ઉભી રહી હતી. જેમાં બે શખ્સો નીચે ઉતર્યા હતા. જેથી પોલીસ તરીકેની ઓળખ આપીને તેઓની પુછપરછ શરુ કરી હતી. જે બાદ તેઓ થેલો લઈને આગળ ચોકડી પર આવેલી પોલીસ ચોકીમાં આવીને લઈ જવા માટે કહ્યું હતું. મોહનભાઈએ રીક્ષામાં અડાલજ પહોંચ્યા ત્યારે જી.જે.૦૧.કે.બી.-૭૦૮૮ નંબરની કાર ક્યાંય જોવા મળી ન હતી. પૈસા ભરેલો થેલો જતા ગભરાઈ ગયેલા વેપારી રાજસ્થાન જતા રહ્યા હતા. ત્યારપછી પરિવારના સભ્યો સાથે ચર્ચા કર્યા બાદ બનાવના ચાર દિવસ પછી અડાલજ પોલીસ મથકે બે શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.



ગાંધીનગર શહેરને નર્મદાનું પાણી વિતરીત કરાય છે. તેમ છતાં આકરા ઉનાળામાં પાણીની તંગી પડે છે. પાણીની તંગી નિવારવા માટે બોરનો સહારો લેવો પડે છે. ઉનાળો નજીક છે ત્યારે સેક્ટર-૬ માં બોર બનાવવાની કામગીરી ચાલુ છે.

# નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી પકેજલક્ષીને બદલે પેટન્ટલક્ષી માનસિકતા આવશે

**કેન્દ્રીય શિક્ષણ પ્રધાન રમેશ પોખરીયલે આઈઆઈટી ગાંધીનગરની મુલાકાત લીધી**

ગાંધીનગર, તા.૨૩
કેન્દ્રીય શિક્ષણ પ્રધાન રમેશ પોખરીયલ 'નિશંક' આજે આઈઆઈટી ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા અને ગુજરાતની કેન્દ્રિય ભંડોળવાળી શૈક્ષણિક સંસ્થાઓના વડાઓ અને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. મીટિંગ દરમિયાન કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરિયાલે વર્તમાન નવીનતાઓ, માળખાકીય સુવિધાઓ અને નવી એજ્યુકેશન પોલિસી (એનઈપી)ને લાગુ કરવા માટેની સંસ્થાઓની તૈયારી બાબતે કહ્યું હતું કે 'આપણે બધાં આપણી શૈક્ષણિક સંસ્થાઓને વૈશ્વિક ફલક પર લઈ જવા માટે સામૂહિક રીતે કામ કરી રહ્યા છીએ. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦નું વિઝન એ છે કે ભારત શિક્ષણના ક્ષેત્રમાં વિશ્વ માટે એક મોડેલ બનાવશે જેથી હવે વિદ્યાર્થીઓ વિદેશી શૈક્ષણિક સંસ્થાઓમાંથી ડિગ્રી મેળવવા દોટ નહીં મૂકે. આપણાં વિદ્યાર્થીઓને ભાવિ ઉદ્યોગસાહસિકો બનવા માટે તૈયાર કરવાની જરૂર છે, જે નોકરીને બદલે નોકરીના સર્જક બની શકે.'

# રાજ્યના મોટા શહેરોમાં ફરી કોરોનાના કેસ વધી રહ્યાં છે

**૨૪ કલાકમાં રાજ્યમાં ૩૪૮ નવા કેસ, કોઇ મોત નહીં : ૩૪૮ કેસ સામે ૨૯૪ દર્દીઓ સાજા થઇને ઘરે પરત ફર્યા**

ગાંધીનગર, તા. ૨૩
રાજ્યમાં ચૂંટણીનો માહોલ પૂરો થવાની સાથે કોરોના વાયરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં સતત બીજા દિવસે ૩૦૦થી વધુ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૪૮ કેસ સામે આવ્યા છે. તો આ દરમિયાન ૨૯૪ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં કોરોનાને લીધે આજે એકપણ દર્દીઓના મૃત્યુ થયા નથી. ગુજરાતમાં અત્યાર સુધી કોરોનાના ૨ લાખ ૬૭ હજાર ૭૬૭ કેસ નોંધાયા છે. ગુજરાતમાં આજે છ મહાનગર પાલિકાની ચૂંટણીના પરિણામ આવ્યા છે. મહત્વનું છે કે અહીં ચૂંટણીની જાહેરાત બાદ સતત પ્રચાર ચાલી રહ્યો હતો. પ્રજાની ભીડ જોવા મળી રહી હતી. તેની અસર હવે જોવા મળી રહી છે. રાજકોટ, અમદાવાદ, સુરત સહિત મહાનગરોમાં ફરી કોરોનાના કેસ વધી રહ્યાં છે.

અમદાવાદ શહેરમાં ૬૯ કેસ નોંધાયા છે. તો વડોદરા શહેરમાં ૬૭, સુરત શહેરમાં ૬૧, રાજકોટ શહેરમાં ૪૪ કેસ નોંધાયા છે. વડોદરા ગ્રામ્યમાં ૯ કેસ સામે આવ્યા છે. જામનગરમાં ૮, રાજકોટ ગ્રામ્ય ૭, કચ્છ ૭. આણંદ ૬, ખેડા ૬, મહીસાગર ૬, અમદાવાદ ગ્રામ્ય ૫, ગીર સોમનાથ ૫, સુરત ગ્રામ્યમાં ૫ કેસ નોંધાયા છે. ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૧૭૮૬ છે. જેમાં ૩૧ દર્દીઓ વેન્ટિલેટર પર છે. તો કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૨૬૧૫૭૫ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં કોરોનાના લીધે ૪૪૦૬ દર્દીઓના મૃત્યુ થયા છે.





## દહેગામમાં કોંગ્રેસે પાપડીની પંગત જમાવી તો ભાજપે રૂપાલાની સભા યોજી

દહેગામ નગરપાલિકાની ચૂંટણીમાં વિજય મેળવવા કોંગ્રેસે આજે મતદારોનો સ્નેહ અને સમર્થન બન્નેને સાંકળી પાપડી પર રાજનીતિની ગોષ્ઠીનો નવતર કાર્યક્રમ કર્યો હતો. દહેગામની પ્રખ્યાત મણિકાકાની પાપડીની લિજ્જત સૌએ સાથે બેસીને માણી હતી. દહેગામ રેલવે સ્ટેશન પાસે આવેલ પ્રખ્યાત મણિકાકાની પાપડીની આ પંગત સૌનુ આકર્ષણનું કેન્દ્ર બની હતી. યુવા, મહિલા, વદ્ધો તેમજ સૌ આમાં જોડાયા હતા એટલુ જ નહિ દહેગામના વિકાસ પર મંથન પણ કર્યુ હતુ. જો કે ભાજપે સાંજે આ દહેગામમાં સ્થાનિક સ્વરાજ્યના જંગ માટે કેન્દ્રીય રાજ્યમંત્રી રૂપાલાની એક સભાનું આયોજન કર્યુ હતુ.

## કંપની સમાચાર

### ટીસીએલએ ગુજરાતમાં વિટામીન સી પાવર્ડ એઆઈ અલ્ટ્રા ઈન્વર્ટર એસીની રજૂઆત કરી

વૈશ્વિક ટોપ-૨ ટીવી બ્રાન્ડ ટીસીએલ ઈલેકટ્રોનિક્સ એઆઈ અલ્ટ્રા ઈન્વર્ટર એર કન્ડીશનર્સનાં નવા આકર્ષણ સાથે બજારમાં આવી છે. બ્રાન્ડ દ્વારા એસી ડીલર મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ટેકનિશિયનો અને ડિલરો ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમાં ટીસીએલએ તેનાં તિરૂપતિ સ્થિત રૂ. ૨૪૦૦ કરોડનાં ઉત્પાદન પ્લાન્ટ વિશે પણ માહિતી આપી હતી. આ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૮ મિલિયન ૨૨-૨૨ ઈંચ ટીવી સ્ક્રીન્સ અને ૩ મિલિયન ૩.૫-૮ ઈંચ મોબાઈલ સ્ક્રીન્સ છે.

આ ડિવાઈસ સિલ્વરઆયન અને ડસ્ટ ફિલ્ટર્સ (રૂમને વાયરસ ફ્રી અને એરક્લીન રાખવા) સાથે અને વધારામાં આવરણનાં એક વધારાનાં સ્તર તરીકે વિટામીન સી સાથે આવે છે. એસી માટેની મુખ્ય થ્રી ઈન વન ફિલ્ટ્રેશન ટેકનોલોજીથી માત્ર ડસ્ટ અને બેકટેરિયા જ હવામાંથી નહિં નીકળે, પરંતુ તેનાથી વપરાશકારની ત્વચાને ભીનાશની અસર પણ મળશે, જેનાથી ડ્રાયનેસ અટકશે. આ એસીમાં ટીસીએલનાં પેટન્ડેડ ટાઈટન ગોલ્ડ ઈવેપોરેટર અને કન્ડેન્સર પણ છે.

નવા લોન્ચ અંગે માહિતી આપતા ટીસીએલનાં એરકન્ડીશન બિઝનેસના હેડ વિજય મિકીલીનેનીએ જણાવ્યું હતું કે અમારા સેફ્ટી પ્રોટોકોલને અપડેટ કરવા જરૂરી છે, જેથી પોસ્ટ કોવીડ વિશ્વમાં સલામત જીવન અનુભવ મળી શકે. અમારા સ્માર્ટ એરકન્ડીશનર્સમાં લેટેસ્ટ અપડેત તે આ જ દિશાનું પગલું છે.

### આકરૂંદ અને નવાનગર લાઈફાઈ ટેકનોલોજીથી સજ્જ ભારતના પ્રથમ ''સ્માર્ટ વિલેજિસ'' બન્યાં

ગુજરાત ખરા અર્થમાં ''સ્માર્ટ વિલેજિસ'' ધરાવતું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે અને ડિજિટલ ઈન્ડિયા ગાથામાં તેણે નવા પ્રકરણની શરૂઆત કરી છે. અમદાવાદ સ્થિત નવ વાયરલેસ ટેકનોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ રાજ્યના અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં આકરૂંદ અને નવાનગર ગામમાં અદ્યતન લાઈફાઈ ટેકનોલોજી-આધારિત ઓપ્ટિકલ વાયરલેસ કમ્યુનિકેશન સિસ્ટમની ગોઠવણી કરી છે. આ ગોઠવણથી ગામડાઓની શાળાઓ, હોસ્પિટલ્સ, પોસ્ટ ઓફિસ અને અન્ય સરકારી કચેરીઓ વર્તમાન ઈલેકટ્રિક પાવર લાઈન્સની તુલનામાં ઝડપી અને સુરક્ષિત ઈન્ટરનેટ કનેક્ટિવિટી પ્રાપ્ત કરશે. નવ વાયરલેસ ટેકનોલોજી એશિયામાં લાઈફાઈ સેકટરમાં એકમાત્ર રજીસ્ટર્ડ કંપની છે.

આ પહેલ અંગે વાત કરતાં નવ વાયરલેસ ટેકનોલોજીસ પ્રાઈવેટ લિમિટેડના સહ-સ્થાપક અને સીટીઓ હાર્દિક સોનીએ જણાવ્યું હતું કે, 'અમે અમારા ગૃહ રાજ્ય ગુજરાતમાં આ તકનીકી ક્રાંતિ લાવવા ઉપર ગર્વ કરીએ છીએ. નવ વાયરલેસે આકરૂંદ ગ્રામ પંચાયતથી ૧.૫ કિ.મી.ના અંતરે નવાનગર ગામની પ્રાથમિક શાળા સુધી લાઈફાઈ વાયરલેસ ઓપ્ટિકલ કમ્યુનિકેશન સાથે ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ (જીએફજીએનએલ) ફાઈબર ઈન્ટરનેટ કનેક્ટિવિટી લંબાવી છે. વધુમાં અમે શાળાઓ, હોસ્પિટલ્સ અને પોસ્ટ ઓફિસ રૂમમાં વર્તમાન પીએલસી-ઈલેન્ટ્રિક પાવર લાઇન નેટવર્કસની સામે હાઈબ્રિડ માઈક્રોવેવ લાઈફાઈ સક્ષમ એલઈડી લાઈટ્સ પણ ગોઠવી છે.

વાયરલેસ ઓપ્ટિકલ કમ્યુનિકેશન ટેકનોલોજી વિકસાવવા માટે સક્ષમ બની છે.

### પવિત્ર કરી દીધું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આરોપ લગાવ્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે જે જગ્યા પર હેલિપેડ બનાવવામાં આવ્યું હતું, ત્યાં અનેક વૃક્ષો કાપવામાં આવ્યા છે.

ટીએમસીએ તો એવો દાવો પણ કર્યો છે કે, હેલિપેડ માટે થઈને ૧૦૦ વર્ષ જૂના વૃક્ષને પણ કાપવામાં આવ્યું છે. ત્યારે જે ટીએમસી દ્વારા આ જગ્યા પર વૃક્ષારોપણ અભિયાન પણ ચલાવવામાં આવ્યું. ટીએમસીએ કહ્યું કે ભાજપે પર્યાવરણને નુકસાન કર્યુ તેની ભરપાઈ ટીએમસી કરે છે.

### અડીખમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુરતમાં ૩૬, વડોદરામાં ૧૪, જામનગરમાં ૨૪ તથા રાજકોટ અને ભાવનગરમાં એક પણ બેઠક મળી નહતી. ગુજરાતની છ મહનગરપાલિકાની ચૂંટણીના પરિણામ સામે આવી રહ્યાં છે, ત્યારે રાજકોટમાં ભાજપે શાનદાર જીત હાંસલ કરી છે. અહીં ભાજપે ૬૮ બેઠકો પર કબજો જમાવ્યો છે. જ્યારે કોંગ્રેસ માત્ર ચાર બેઠક પર જ જીત હાંસલ કરી શકી. રાજકોટમાં ભાજપના શાનદાર પ્રદર્શનને જોતાં કાર્યકરો ઉત્સાહભેર ઉજવણી કરી રહ્યાં છે. અહીં કાર્યકર્તાઓ વિજયની ખુશી મનાવી રહ્યાં છે. બીજી બાજુ, કોંગ્રેસનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું છે. વર્ષ ૨૦૧૫ની ચૂંટણીમાં કોંગ્રેસના ખાતામાં ૩૪ બેઠકો આવી હતી, પરંતુ આ વખતે તે માત્ર ચાર બેઠક પર જ વિજય મેળવી શક્યું છે.

રાજકોટના કોંગ્રેસના શહેર પ્રમુખે હારનો સ્વીકાર કર્યો છે. અશોક ડાંગરે કહ્યું કે, આ પ્રજાનો નિર્ણય છે જેને માથે ચડાવું છું. સાથે જ તેમણે પોલીસ અને તંત્ર પર આરોપ મૂક્તાં કહ્યું કે, ચૂંટણી દરમિયાન તંત્ર અને પોલીસનો દુરુપયોગ થયો છે. પોલીસે ભાજપના એજન્ટ બનીને કામ કર્યું છે. જ્યારે તમામ પાસાઓને જોતાં આગળની રણનીતિ ઘડવામાં આવશે.

### અન્ટ્રી થઈ જશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્ષેત્રની મોટા પાયે ભાગીદારી જરૂરી બનશે કારણ કે વસ્તીના વધુમાં વધુ વર્ગ રસીકરણ માટે પાત્ર બની જશે. હાલમાં ફક્ત હેલ્થ કેર અને ફ્રન્ટલાઈન મેડિકલ સ્ટાફને રસી આપવામાં આવી રહી છે. એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું હતું કે, આગામી તબક્કામાં સરકારની દરરોજ ૫૦ હજાર લોકોને રસી આપવાની યોજના છે. આજ સુધીમાં દેશભરમાં ૧.૦૭ કરોડ આરોગ્ય કર્મચારીઓ અને ફ્રન્ટલાઈન કામદારો રસી અપાઈ છે.

### એક્શનમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલમાં નવા કેસમાં વધારો થયો છે. આ સાથે દેશમાં કોરોના રસીકરણની સ્થિતિ પર પણ ચર્ચા થઈ હતી. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્ર, કેરલ, પંજાબ, છત્તીસગઢ અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં કોવિડ-૧૯ કેસમાં અચાનક વધારો જોવા મળ્યો છે. આ વચ્ચે સ્વાસ્થ્ય મંત્રાલયે જાણકારી આપી છે કે અત્યાર સુધી દેશમાં કોવિડ વેક્સિન કુલ ૧ કરોડ ૧૪ લાખ ૨૪ હજાર ૯૪ લોકોને લગાવવામાં આવી છે. તેમાંથી ૭૫ લાખ ૪૦ હજાર ૬૦૨ સ્વાસ્થ્યકર્મીઓને વેક્સિન આપવામાં આવી છે. જેમાં પ્રથમ ડોઝ ૬૪ લાખ ૨૫ હજાર ૬૦ લાભાર્થીઓને આપવામાં આવ્યા છે. જ્યારે બીજો ડોઝ ૧૧ લાખ ૧૫ હજાર ૫૪૨ લાભાર્થીઓને આપવામાં આવ્યા છે. અત્યાર સુધી ૩૮ લાખ ૮૩ હજાર ૪૬૨ ફ્રંટ લાઈન વર્કર્સને વેક્સિન આપવામાં આવી ચુકી છે. સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે ચાર રાજ્ય લક્ષદીપ, ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ૭૫ ટકાથી વધુ ફ્રંટલાઈન વર્કર્સ અને સ્વાસ્થ્યકર્મીઓને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.

### સંકલ્પબદ્ધ બને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ શ્રી હસમુખ અઢિયાએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા કહ્યું હતું કે શિક્ષણ ક્ષેત્રે નવા અને ઉભરતા ભારતની શરૂઆત થઈ રહી છે. એક સશક્ત રાષ્ટ્રનિર્માણમાં યુવાઓનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે ત્યારે આ વિશ્વ વિદ્યાલય વિદ્યાર્થીઓમાં વિદ્વતા અને ઉદ્યમશીલતા જેવા ગુણોનો વિકાસ કરી રહી છે. સામાજિક પ્રતિબદ્ધતાની સાથે પોતાને ઉત્કૃષ્ટતાના કેન્દ્ર તરીકે સ્થાપિત કરવું એ વિશ્વવિદ્યાલયનું લક્ષ્ય છે. આ વિશ્વ વિદ્યાલય જ્ઞાન અને કૌશલ્યને નૈતિકતા અને મૂલ્યો સાથે સંયોજિત કરે છે. એવા કુશળ માનવ સંશાધનનું નિર્માણ કરવું કે જે સમાજ, દેશ અને દુનિયા સમક્ષ જવાબદારી સાથે કાર્ય કરે.

તેમણે ઉમેર્યું હતું કે આ વિશ્વવિદ્યાલય એક સીમિત ભૌતિક માળખામાં કાર્ય કરી રહ્યું છે. ટૂંક સમયમાં જ ગુજરાત સરકાર અને શિક્ષણ મંત્રાલયના સહયોગ થી વડોદરા ખાતે ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના નવા અત્યાધુનિક ભવન નિર્માણનું કાર્ય પૂર્ણ થશે.દેશના વિવિધ રાજ્યોમાં સ્થિત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયોના નામ જે તે રાજ્યોની સંસ્કૃતિ અને પ્રકૃતિ દર્શાવતા હોય તેવા રાખવા શ્રી અઢિયાએ અનુરોધ કર્યો હતો. ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી રમા શંકર દુબેએ સ્વાગત પ્રવચન આપતા કહ્યું હતું કે આ વિશ્વવિદ્યાલય શિક્ષણની સાથે સાથે વ્યક્તિત્વ વિકાસની દિશામાં કાર્યરત છે. ''લોકલ ફોર વોકલ'' અને ''આત્મનિર્ભર ભારત''ના દેશના વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરતા આ વિશ્વ વિદ્યાલયે ૧૪ જેટલા પેટન્ટ મેળવ્યા છે જેમાંથી બે પેટન્ટ બજારમાં ઉપલબ્ધ પણ છે. કોરોના મહામારી જેવી કપરી પરિસ્થિતિમાં પણ આ વિશ્વવિદ્યાલયે વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ પૂરું પાડ્યું હતું. વિદ્યાર્થીઓમાં વધુને વધુ રાષ્ટ્રપ્રેમ જાગૃત થાય તે માટે આ વિશ્વવિદ્યાલય કાર્ય કરી રહી છે.

આ દીક્ષાંત સમારોહમાં ૭૩ પીએચ.ડી., ૨૬ એમ.ફિલ., ૧૨૧ અનુસ્નાતક અને ૨૪ સ્નાતક એમ કુલ ૨૪૪ વિદ્યાર્થીઓને પદવી પ્રદાન કરવામાં આવી. આ ઉપરાંત સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં સૌથી વધુ માર્કસ મેળવનાર ૨૧ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના વિવિધ ચંદ્રક રાષ્ટ્રપતિશ્રીના હસ્તે પ્રદાન કરવામાં આવ્યા હતા. આ દીક્ષાંત સમારોહની શરૂઆત દીક્ષાંત શોભાયાત્રાથી થઈ હતી. રાષ્ટ્રપતિશ્રીના હસ્તે ૬ વિદ્યાર્થીઓને ચંદ્રક પ્રદાન કરવામાં આવ્યા હતા. પદવી પ્રદાન કર્યા બાદ કુલાધિપતિશ્રી ભારતીય પરંપરા અનુસાર પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને દીક્ષાંત ઉપદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, ડીનશ્રીઓ, ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના અધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ- વાલીઓ તેમજ આમંત્રિત શિક્ષણ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### ઈટાદરા બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈટાદરા ગામમાં જ શાળાએ જતા બાળકોને ચોમાસામાં ભરાયેલા પાણી વચ્ચે થઈ જવુ પડે છે. તેમણે કહ્યુ કે ખેડૂતોના પ્રશ્નો વણઉકલ્યા રહ્યા છે. હોર્સ પાવર પ્રમાણે નહિ પણ હવે મીટર પ્રથા લાગુ કરાઈ છે ખેડૂતોને વીજ કનેકશન મળતા નથી. ખેડૂતોને પોષણક્ષમ ભાવ પણ મળતા નથી.

શિલ્પાબેને ટુંકી વાતચીતમાં કહ્યુ હતુ કે સૌને શિક્ષણ એ અમારી અગ્રતા છે. પ્રશ્નોથી અમે વાકેફ છીએ જ અને તેના ઉકેલ માટે અમારા પરિવારે કરેલા પ્રયત્નો પણ સૌ જાણે છે અમે એ પ્રયાસોને પરિણામ સુધી લઈ જવા બેઠકના સૌ મતદારોને ખાત્રી પણ આપીએ છીએ.

શિલ્પાબેન પટેલે કહ્યુ કે ટેકાના ભાવે ખરીદી કરી સરકારે ખેડૂતોના હિતમાં ઘણા બધા નિર્ણયો લીધા છે. કોકિલાબેન કહે છે કે કલોલ તાલુકા પંચાયતના સભ્ય તરીકે મેં કરેલી કામગીરી સૌએ જોઈ છે. મને આ વખતે જિલ્લા પંચાયતની બેઠક પર પક્ષે ટિકિટ ફાળવવાનો નિર્ણય કર્યો છે અને પ્રજાના વિશ્વાસને સાકાર કરવા માટે હું પ્રશ્નોના ઉકેલ માટેના પ્રયાસોમાં કોઈ જ કચાશ રાખીશ નહિ. જો કે આ બેઠક પરના વયોવૃદ્ધ મતદાર જે ૧૦૦ વર્ષની આયુ ધરાવે છે તે જીભાઈદાસ પટેલે કહ્યુ કે આ બેઠકમાં મતદાર સમજુ છે અને શિક્ષિત છે. પ્રચાર અભિયાન કર્ણધાર બન્ને શિક્ષકોએ કહ્યુ હતુ કે યુવા મતદારોની સંખ્યા ૩૦ ટકા જેટલી છે. અહિ ૩૦ હજારથી વધુ મતદારો નોંધાયેલા છે. ૧૫ કિ.મી. થી ૧૭ કિ.મી.માં આખો વિસ્તાર છે. તાલુકાની બેઠકો પર યુવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યુ છે.

કોંગ્રેસમાં ધોળાકુવા બેઠક પર અભયસિંહ બાબુસિંહ ઝાલા, બોરૂ બેઠક પર નાથાજી આતાજી ઠાકોર, ઈટાદરા બેઠક પર દિપકકુમાર પટેલ તેમજ પરબતપુરા બેઠક પર આસોડિયા કુસુમબેન કિરણભાઈ જંગ લડી રહ્યા છે. ભાજપ તરફથી ધોળાકુવા બેઠક પર ભીખાભાઈ પટેલ, પરબતપુરા બેઠક પર જાગૃતિબેન પરમાર, ઈટાદરા બેઠક પર દિનેશભાઈ પટેલ, બોરૂ બેઠક પર મહેશજી ઠાકોર જંગ લડી રહ્યા છે.

ઈટાદરા બેઠકના ઉમેદવારોની વિશેષતા એ છે કે બન્ને પક્ષના ઉમેદવારો તેમના તાલુકાના ઉમેદવારોની સાથે અને સંગઠનના સાથીઓને સાથે રાખી આગળ વધી રહ્યા છે તેથી આ જંગ રોચક અને પ્રતિષ્ઠાનો બન્યો છે.

ઈટાદરા બેઠક પરના આ જંગમાં ખેડૂતોના પ્રશ્નો તેમજ યુવાઓના પ્રશ્નોને અમે વાચા આપી રહ્યા છીએ તેવો કોંગ્રેસના અભયસિંહે દાવો કર્યો હતો. ભાજપ પણ આ બેઠક પર નારી માટે અલાયદી નીતિ તેમની સરકારે બનાવી છે તેવી વાત કહી મહિલા મતદારોને તેમના તરફ વાળવાનો મજબુત પ્રયાસ કરતાં કહે છે કે ખાસ મહિલા ઉત્કર્ષની જોગવાઈઓ બજેટમાં ભાજપ સરકારે કરી છે.

### ભાજપને ફળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કારણે પણ ચતુષ્કોણિય જંગનો ફાયદો ભાજપને મળશે કે કોંગ્રેસને તેને લગતી અટકળો પણ લોકો કરી રહ્યા હતા. જોકે, આજે જાહેર થઈ રહેલા પરિણામમાં એ સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે આપ અને એઆઈએમઆઈએમ કોંગ્રેસને નડી ગયા છે. એઆઈએમઆઈએમ અને આમ આદમી પાર્ટી અમદાવાદમાં એકેય બેઠક જીતી નથી શક્યા, પરંતુ આ વખતની ચૂંટણીમાં અમદાવાદમાં કોંગ્રેસની બેઠકો ચોક્કસ ઘટી ગઈ છે. વળી, લઘુમતી વિસ્તારોને બાદ કરતાં પૂર્વના જે વિસ્તારો કોંગ્રેસનો મજબૂત ગઢ મનાતા હતા ત્યાં પણ કોંગ્રેસના ઉમેદવારો હારી ગયા છે. એટલું જ નહીં, ખાડિયા વોર્ડમાં કોંગ્રેસની જીતની પૂરી શક્યતા હોવા છતાંય ત્યાં પણ તેની હાર થઈ છે. પ્રાથમિક દ્રષ્ટિએ એવું લાગી રહ્યું છે કે, અમદાવાદમાં કોંગ્રેસના કંગાળ પ્રદર્શન પાછળ આપ અને એઆઈએમઆઈએમના કારણે તૂટેલા વોટ જવાબદાર હોઈ શકે છે.

### ચ-૫ પ્રેરણા સર્કલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બિહામણા બન્યા છે. ચ-૫ ના પ્રેરણા સર્કલમાં નામ સિવાય બીજુ કાંઈ જ આકર્ષક રહ્યુ નથી. ગાંધીનગરમાં સર્કલોની જાળવણીનુ કામ સદંતર વિસરાઈ ગયુ છે. દોઢ દાયકા પુર્વે વિવિધ થીમ પર સર્કલો વિકસાવામાં આવ્યા હતા જયારે આ જવાબદારી વિવિધ સંસ્થાઓને સોંપવામાં આવી હતી. પરંતુ સમય જતા હાલ સર્કલો ખંડરે બનતા જાય છે. કેટલાક સર્કલોમાં હરિયાળીના ઠેકાણે સુકારો જોવા મળે છે. સર્કલો ફરતેની ફેન્સીંગ પણ તુટી ગઈ છે. જયારે દિવાલોમાં બાકોરા પડી ગયા છે. આમછતા સર્કલો તરફ તંત્રનુ ધ્યાન જતુ નથી. સર્કલોની જાળવણી સંભાળતી સંસ્થાઓને પણ નોટીસ આપી જાગૃત કરવાનુ વિસરાયુ છે. નગરના ચ માર્ગ પર સ્થિત ચ-૫ ના પ્રેરણા સર્કલની હાલત પણ દયાજનક છે. ચ-૫ ના સર્કલ પર એક જમાનામાં નગરજનો બેસવા માટે ઉમટી પડતા હતા જયારે બહારગામથી આવતા મુલાકાતીઓમાં પણ ફુવારા સર્કલ તરીકેની આગવી ઓળખ અને આકર્ષણ ઉભુ થયુ હતુ. પરંતુ હાલ કયારેક ફુવારો પણ બંધ હોય છે. જયારે રંગબેરંગી ફુવારાનુ આકર્ષણ પણ રહ્યુ નથી. ત્યારે સર્કલની ફરતે કરવામાં આવેલી ફેન્સીંગ પણ હાલ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે.